GJDH030007862022

રજુ તારીખ :૧૬/૦૭/૨૦૨૨
દાખલ તારીખ :૧૬/૦૭/૨૦૨૨
જજમેન્ટ તારીખ:૦૧/૦૭/૨૦૨૬
અવધિ :વર્ષ–માસ–દિન
૦૩– ૧૧– ૧૫

સત્યમેવ જયતે

નામદાર સુપ્રીમ કોર્ટના **SUO MOTO WRIT(CRL) NO.(S)** 1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર **VI** ના 179–**A** અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

**FORM–A**

---

દેવગઢ બારીઆના મહેરબાન એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. દેવગઢ બારીઆ, જિલ્લો – દાહોદ.

---

શ્રી એસ. ઓ.ગર્ગ, એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, દેવગઢ બારીઆ.
ચુકાદાની તારીખ – **૦૧/૦૭/૨૦૨૬**

ક્રીમીનલ કેસ નંબર: ૬૦૭/૨૦૨૨
આંક–

| એફઆઈઆરની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન | દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન. |
| ગુનો | ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ |
| તોહમતનામાં મુજબ તોહમત | ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ |
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિદ્વાન એ પી પી શ્રી | એસ. એમ. ડામોર |
| આરોપી | (૧) જેસીંગભાઇ હાથીભાઇ પટેલ,<br>રહે.– પીપલોદ, માલગુણ ફળીયા, તાલુકો – દેવગઢ બારીઆ, જીલ્લો – દાહોદ.<br>(૨) મંગળીબેન વા/ઓ જેસીંગભાઇ હાથીભાઇ પટેલ,<br>રહે.– પીપલોદ, માલગુણ ફળીયા, તાલુકો – દેવગઢ બારીઆ, જીલ્લો – દાહોદ.<br>(૩) કપુરીબેન વા/ઓ નટવરભાઇ જેસીંગભાઇ પટેલ,<br>રહે.– પીપલોદ, માલગુણ ફળીયા, તાલુકો – દેવગઢ બારીઆ, જીલ્લો – દાહોદ. |

| | |
|---|---|
| આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી | ડી. એચ. બારીઆ |

## FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૧/૦૧/૨૦૨૧. |
| ફરિયાદની તારીખ | ૦૫/૦૧/૨૦૨૧. |
| ચાર્જશીટની તારીખ | ૧૬/૦૭/૨૦૨૨. |
| તહોમત ફરમાવ્યા/પ્લીની તારીખ | ૦૩/૦૮/૨૦૨૨. |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૦૩/૦૮/૨૦૨૨. |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | ૦૧/૦૭/૨૦૨૬. |
| ચુકાદા તારીખ | ૦૧/૦૭/૨૦૨૬. |
| સજાના હુકમની તારીખ જો હોય તો | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા હોય છે કે કસૂરવાર ? | શું સજા કરી | ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ: ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તારીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જેસીંગભાઇ હાથીભાઇ પટેલ. | ૧૮/૦૧/૨૦૨૧ | ૧૮/૦૧/૨૦૨૧ | ભારતીય દંડ સંહિતા | આરોપી ને શંકાનો | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | અધિનિયમની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | | |
| ૨. | મંગળીબેન વા/ઓ જેસીંગભાઇ હાથીભાઇ પટેલ. | ૧૮/૦૧/ ૨૦૨૧ | ૧૮/૦૧/ ૨૦૨૧ | ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |
| ૩. | કપુરીબેન વા/ઓ નટવરભાઇ જેસીંગભાઇ પટેલ. | ૧૮/૦૧/ ૨૦૨૧ | ૧૮/૦૧/ ૨૦૨૧ | ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |

## FORM–C

ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ.

ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો

(અ) ફરિયાદ પક્ષ તરફે

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી – ગોપસીંગભાઇ હાથીભાઇ પટેલની જુબાની | ૫૧ |

(બી) બચાવ પક્ષે જો સાહેદ હોય તો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ તરફે સાહેદ.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવો

| અ.નં | | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૫૨ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૬૩ |
| ૩ | આરોપીની શરીર સ્થિતિનું તથા મુદ્દામાલ રીકવરી પંચનામુ | ૬૪ |
| ૪ | ઇજા પામનાર સાહેદ ગોપસીંગભાઇનું મેડીકલ સર્ટીફીકેટ | ૬૫ |

બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

મુદ્દામાલની વિગત

| અ.નં. | વિગત |
|---|---|
| ૧ | દેવગઢ બારીઆ પો.સ્ટે. મુદ્દામાલ પાવતી નં. ૦૪/૨૦૨૧ માં જણાવ્યા મુજબ |

**–:જજમેન્ટ :–**

**1.** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તા. ૦૧/૦૧/૨૦૨૧ ના કલાક ૧૭:૦૦ વાગ્યે મોજે પીપલોદ ગામે માલગુણ ફળીયામાં આ કામના આરોપીઓએ ફરિયાદીને માં–બેન સમાણી ગાળો આપી કહેલ કે તુ અમોને જમીન કેમ આપતો નથી તેમ કહી ઉશ્કેરાઇ જઇ આરોપી જેસીંગભાઇ હાથીભાઇ પટેલનાએ ફરિયાદીને માથાના કપાળના ભાગે લાકડી મારી ઇજા કરી તથા અન્ય આરોપીઓએ હાથમાં પથ્થરો રાખી મુઢ માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કરી

ગુનો કરેલ છે. જેથી આ બાબતની ફરિયાદ આ કામના ફરિયાદીએ દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ છે.

**2.** ફરિયાદીની સદર ફરિયાદ દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશને પાર્ટ એ ગુના રજીસ્ટર નંબર ૧૧૮૨૧૦૦૫૨૧૦૦૦૭/૨૦૨૧ થી નોંધી તેની તપાસ હાલના તપાસ કરનાર અમલદારશ્રીને આપતાં તેઓએ તપાસના કામે ગુન્હાવાળી જગ્યાનું તથા મુદ્દામાલ રીકવરી પંચનામુ તથા ઈજા પામનાર સાહેદોના મેડીકલ સર્ટીફીકેટ મેળવી જરૂરી સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપીની વિરૂધ્ધ ફરિયાદવાળી ગુન્હાના કામે પુરતા પુરાવા પડતાં હોય તે બદલનું ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબની ચાર્જશીટ ફાઇલ કરતાં હાલના કામની ગુનાની ઈન્સાફી કાર્યવાહી માટેના સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેઓના વિ. વકીલશ્રી સાથે અદાલત રૂબરૂ ઉપસ્થિત થતાં ક્રિ. પ્રો. કોડની કલમ ૨૦૭ મુજબ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપવા બદલની ખાત્રી કર્યા બાદ આરોપીની સામે ક્રિ. પ્રો. કોડમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ સદર કેસ વોરંટ ટ્રાયેબલની રીતે ચલાવી આરોપીની સામે ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૦ મુજબ આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવી ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૦(૨) મુજબ આરોપીને તહોમતનામુ વાંચી સમજાવી તથા સંભળાવીને આંક–૦૫ થી આંક–૦૭ સુધી આરોપીનું સ્ટેટમેન્ટ રેકર્ડ કરતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આરોપી સામેનું તહોમત પુરવાર કરવા ફરિયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**3.** ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૬૬ થી કલોજીંગ પુરસીસ આપી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં આ કામે રેકર્ડ ઉપર પુરાવો ધ્યાને રાખતાં આરોપીનું ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે અને જણાવેલ છે કે તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે. તેઓ નિર્દોષ છે અને છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**4.** ત્યારબાદ વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી દ્બારા ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**5.** સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે

**5.1.** શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૦૧/૦૧/૨૦૨૧ ના કલાક ૧૭:૦૦ વાગ્યે મોજે પીપલોદ ગામે માલગુણ ફળીયામાં આ કામના આરોપીઓએ ફરિયાદીને માં-બેન સમાણી ગાળો આપી કહેલ કે તુ અમોને જમીન કેમ આપતો નથી તેમ કહી ઉશ્કેરાઇ જઇ આરોપી જેસીંગભાઇ હાથીભાઇ પટેલનાએ ફરિયાદીને માથાના કપાળના ભાગે લાકડી મારી ઈજા કરી તથા અન્ય આરોપીઓએ હાથમાં પથ્થરો રાખી મુઢ માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે?

**5.2.** શું અંતિમ હુકમ ?

**6.** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**6.1.** નકારમાં,

**6.2.** આખરી હુકમ મુજબ.

<u>-: નિર્ણયો માટેના કારણો :-</u>

**7.** મુદ્દા નં. ૧ વિશે ચર્ચા :-

**7.1.** કોઇ પણ ફોજદારી પ્રકીયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય છે જેમાં આરોપીને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીએ ગુન્હો ન કરેલ હોવાનું માની આરોપીએ કરેલ ગુનામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપી વિરૂધ્ધ કરવામાં આવતાં આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની હોય છે, જે કાંઇ પણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જ સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતાં હોય, તે કોર્ટમાં સાચુ બોલતાં હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનું વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. લેખરાજ વિરૂધ્ધ હિમાચલ પ્રદેશ તેમજ

અનીસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ. પી.ના ચુકાદામાં માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલીક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું જોઇએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતાં માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નીભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઇ પણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યુમાંથી છટકી જવો ન જોઇએ. સર્વોચ્ચ ન્યાયાલયે એવી પણ ટકોર કરેલી છે કે, જયારે સાહેદ કોર્ટમા જુબાની આપતાં હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતાં હોતાં નથી અને કાયદાની આંટીઘુટીથી પરિચિત હોતા નથી, આવા સંજોગોમાં તેઓ ઘણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતાં હોય છે અને તેના કારણે જો ફરિયાદ પક્ષના કેસ ઉપર કોઇ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઇએ. પરંતુ આવા અતિરેક, વિસંગતતાના કારણે ફરિયાદ પક્ષના કેસના મુળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઇએ.

**7.2.** હાલના કામે આરોપીની સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુન્હાનું આક્ષેપ મુકવામાં આવેલ છે જેથી આરોપીની સામેનું આક્ષેપ નિઃશંકપણે પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે સૌ પ્રથમ આ કામના આરોપીઓએ ફરિયાદીને માં–બેન સમાણી ગાળો આપી કહેલ કે તુ અમોને જમીન કેમ આપતો નથી તેમ કહી ઉશ્કેરાઇ જઇ આરોપી જેસીંગભાઇ હાથીભાઇ પટેલનાએ ફરિયાદીને માથાના કપાળના ભાગે લાકડી મારી ઈજા કરી તથા અન્ય આરોપીઓએ હાથમાં પથ્થરો રાખી મુઢ માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કરેલ હોવાની હકિકત શંકા રહિત પુરવાર કરવી જોઇએ.

**7.3.** આમ ઉપરોકત કરેલ ચર્ચાને ધ્યાને રાખી આ કામે ચર્ચાઓનું પુનરાવર્તન ન થાય તેવા હેતુથી મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. આ કામે ફરિયાદ પક્ષે આરોપીની સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવા માટે આ કામના ફરિયાદી

ગોપસીંગભાઇ હાથીભાઇ પટેલનાઓને આંક–૫૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે સને ૨૦૨૧ ની સાલમાં સાંજના સાડા પાંચેક વાગે તેઓના ઘરે તેઓ એકલા હતા ત્યારે તે સમયે જેસીંગભાઈ હાથીભાઈ, કપુરીબેન નટવરભાઈ, મંગળીબેન જેસીંગભાઈ, ટીનાબેન નટવરભાઈનાઓ આવેલા અને જેસીંગભાઈ હાથીભાઈના હાથમાં લોખંડની પાઈપ હતી અને તેમણે તેઓને તે પાઈપ માથાના ભાગે મારેલી. જેથી તેઓ નીચે પડી ગયેલ. કપુરીબેને તેઓને પથ્થર મારેલ અને મંગળીબેને તેઓને પથ્થર મારેલ અને ટીનાબેને તેઓને પથ્થર મારેલ. આ લોકો કહેતા હતા કે આ જમીનમાં તમને પેહવા નહી દઈએ. બનાવમાં તેઓને ઈજાઓ થતાં તેઓએ પીપલોદ સરકારી દવાખાને સારવાર કરાવેલી અને વધુ સારવાર તેઓએ દાહોદ સરકારી દવાખાને કરાવેલી. બનાવ અંગેની તેઓએ ફરિયાદ આપેલી જેમાં ફરિયાદી તરીકે તેઓની સહિ હોવાનુ જણાવે છે. તેમજ તેઓને લોખંડની પાઇપ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે તેવું જણાવતાં સદર ફરિયાદીને મુદ્દામાલ પાવતી એમ.આર. નં. ૨૫/૨૦૨૫ માં ના મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ ત્રણ ફુટ લાંબી વાંસની લાકડી બતાવતાં તે જોઇને કહે છે કે તે આ લાકડી નથી. જે ગુનાના કામે વપરાયેલ. તેમજ સદર ફરિયાદીને મુદ્દામાલ પાવતી એમ.આર. નં. ૨૫/૨૦૨૫ માં ના મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ ત્રણ ફુટ લાંબી લોખંડની પાઇપ કે જેને એક છેડે યુ ટર્નવાળુ લોખંડનું નાકીયુ બેસાડેલ છે તે બતાવતાં તે જોઇને કહે છે કે તે આ પાઈપ નથી. જે ગુનાના કામે વપરાયેલ. તેમજ આરોપીઓ તેઓના સગા હોય તથા એક જ ગામના હોય તેથી તેઓ તેમને ઓળખે છે.

વધુમાં આ કામના ફરિયાદીની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં સદર ફરિયાદી જણાવે છે કે એ વાત ખરી છે કે આરોપી જેસીંગભાઇ હાથીભાઇ તેઓના સગા ભાઇ થાય છે. તેમજ એ વાત ખરી છે કે આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. તેમજ એ વાત ખરી છે કે બનાવ સમયે નાસભાગ થતાં પડી જવાથી તેઓને ઈજા થયેલી અને બનાવ સમયે ઘણાં માણસો ભેગા થઈ ગયેલા હોય જેથી કોણ શું બોલતુ હતુ તે તેઓ ચોકકસ કહી શકે નહી. તેમજ એ વાત ખરી નથી કે આરોપીઓએ તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપેલી.

**7.4.** વધુમાં સદર કામે આંક–૬૪ થી આરોપીની શરીર સ્થિતિનું તથા મુદ્દામાલ રીકવરી પંચનામુ તથા આંક–૬૩ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ તથા આંક–૬૫ થી ઈજા પામનાર સાહેદનો મેડીકલ સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ છે અને તે દસ્તાવેજો આરોપી તરફે એડમીટ કરવામાં આવેલ છે પરંતુ હાલના કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ સાહેદોની સોગંદ ઉપરની જુબાની થકી ફરિયાદને સમર્થન મળતું ન હોવાથી તે દસ્તાવેજો આંકે પડી ગયેલ હોવા છતાં પુરવાર થયેલા માની શકાય તેમ નથી.

**7.5.** આ ઉપરાંત ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ આરોપી સામે આક્ષેપાયેલ તહોમત ફરિયાદ પક્ષે નિઃશંકપણે સાબિત કરવુ પડે એટલે કે શંકા રહીત પુરાવો આપવો પડે અને જો ફરિયાદ પક્ષ તે સાબિત ન કરી શકે તો આરોપીને શંકાનો લાભ મળવો જોઈએ. જેથી હાલના કામે આ કામના આરોપીઓએ ફરિયાદીને માં–બેન સમાણી ગાળો આપી કહેલ કે તુ અમોને જમીન કેમ આપતો નથી તેમ કહી ઉશ્કેરાઈ જઈ આરોપી જેસીંગભાઈ હાથીભાઈ પટેલનાએ ફરિયાદીને માથાના કપાળના ભાગે લાકડી મારી ઈજા કરી તથા અન્ય આરોપીઓએ હાથમાં પથ્થરો રાખી મુઢ માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી તમામ આરોપીઓએ એકબીજાને મદદગારી કરેલ હોવાની હકીકત પણ પુરવાર કરવી પડે જે હાલના કામે રજુ થયેલ પુરાવાને બારીકાઈથી વંચાણે લેતાં પુરવાર થતી નથી. આમ આ કામના ફરિયાદી તથા સાહેદની સોગંદ ઉપરની જુબાની ઉપરથી અત્રેની અદાલત સમક્ષ પડેલા પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરતાં ફરિયાદ પક્ષ તે હકીકત શંકા રહીત પુરવાર કરી શકેલ નથી.

**8.** આમ, આ કામના આરોપી સામે આક્ષેપાયેલ ગુનો ફરિયાદ પક્ષ શંકાથી પર સાબિત કરી શકેલ ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુ ક મ ::–</u>**

1. આ કામના આરોપી **(૧) જેસીંગભાઈ હાથીભાઈ પટેલ, રહે.– પીપલોદ, માલગુણ ફળીયા, તાલુકો – દેવગઢ બારીઆ, જીલ્લો – દાહોદ. (૨) મંગળીબેન વા/ઓ જેસીંગભાઈ હાથીભાઈ પટેલ, રહે.– પીપલોદ, માલગુણ ફળીયા, તાલુકો – દેવગઢ બારીઆ, જીલ્લો – દાહોદ. (૩) કપુરીબેન વા/ઓ નટવરભાઈ જેસીંગભાઈ પટેલ,**

**રહે.– પીપલોદ, માલગુણ ફળીયા, તાલુકો – દેવગઢ બારીઆ, જીલ્લો – દાહોદનાઓને** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા અધિનિયમની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનાં ગુનાના કામે શંકાનો લાભ આપી નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

2. સદર કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય પુરો થયેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
3. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૭(એ) મુજબ આરોપીએ આપેલ જામીન ૬ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો:– આજરોજ તા. ૦૧લી, માહે – જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ– ૦૧/૦૭/૨૦૨૬**
**સ્થળઃ – દેવગઢ બારીઆ**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**